# India-Argentina Foreign Office Consultations

September 10, 2020

## ભારત-આર્જેન્ટિનાં વિદેશ કચેરીનાં પરામર્શો

સપ્ટેમ્બર 10, 2020

ભારત અને આર્જેન્ટિના વચ્ચે 10 સપ્ટેમ્બર 2020 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત 5માં વિદેશ કચેરીનાં પરામર્શો યોજવામાં આવ્યા હતા. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પૂર્વ) શ્રીમતિ વિજય ઠાકુર સિંઘ દ્વારા કરવામાં આવી હતી. આર્જેન્ટિનાનાં પક્ષની આગેવાની આર્જેન્ટિનાનાં માજી વિદેશ મંત્રી શ્રી પાલ્બો તેટ્ટામાન્ટિ દ્વારા કરવામાં આવી હતી.

આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ તેઓની વ્યૂહાત્મક ભાગીદારીની અંદર દ્વિપક્ષીય સહકારની તમામ બાબતોની સમીક્ષા કરી હતી. આ પરામર્શોમાં રાજકીય, વ્યાપારી અને આર્થિક સહકાર તથા સંરક્ષણ, અવકાશ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ્સ, ખાણ, સંસ્કૃતિ અને લોકો-થી-લોકો વચ્ચેનાં સંપર્કો વધારવાની બાબતોને આવરી લેવામાં આવી હતી.

બન્ને પક્ષોએ પ્રવર્તમાન સમજૂતિઓનાં અમલીકરણ તેમજ વાટાઘાટો હેઠળની સમજૂતિઓની સમીક્ષા કરી હતી અને સંસ્થાગત દ્વિપક્ષીય યંત્રણાઓની નિયમિત બેઠકો યોજીવા સહિત દ્વારા દ્વિપક્ષીય કાર્યસૂચિ આગળ લઈ જવા સંમત થયા હતા. તેઓ વહેલી તારીખ પર વિદેશ મંત્રીઓનાં સ્તર પર સંયુક્ત આયોગની બેઠક યોજવાની શોધ કરવા પર સંમત થયા હતા.

બન્ને પક્ષોએ સામાન્ય હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું, અને બહુઆયામી બાબતોમાં સહકાર વધારવા સંમત થયા હતા. તેઓએ કોવિડ-19 મહામારીનો સામનો કરવા પરનાં દ્રષ્ટિકોણો અને અનુભવોનું પણ આદાન-પ્રદાન કર્યું હતું.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.